# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-07-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH – GUJARAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે ગુજરાતના આણંદ ખાતે દેશની પ્રથમ સહકારિતા વિશ્વવિદ્યાલય ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલયનું ભૂમિપૂજન કર્યું. આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે જણાવ્યું કે છેલ્લા ચાર વર્ષમાં સહકારિતા મંત્રાલયે 60 નવી પહેલ શરૂ કરી.

(બાઇટ- AMIT SHAH ON SAHKARITA )

શ્રી શાહે ઉમેર્યું કે 40 લાખ જેટલા કર્મચારી સહકારિતા આંદોલનમાં જોડાયા છે. તેમણે કહ્યું આ વિશ્વવિદ્યાલય સહકારી ક્ષેત્રમાં નીતિ નિર્માણ, ડેટા વિશ્લેષણ, સહકારી વિકાસ વ્યૂહરચના અને સંશોધન જેવા કાર્યો કરશે. ઉપરાંત, આ યુનિવર્સિટી માત્ર સહકારી કર્મચારીઓ જ નહીં પરંતુ ત્રિભુવન ભાઈ જેવા સમર્પિત સહકારી નેતાઓ પણ તૈયાર કરશે, જેઓ સહકારી ક્ષેત્રનો અભ્યાસ કરશે અને તેનું નેતૃત્વ કરશે.

(બાઇટ: AMIT-SHAH-ON-UNIVERSITY )

આ કાર્યક્રમ દરમિયાન શ્રી શાહે સહકારિતા મંત્રાલય અને NCERTના સહયોગથી શાળાના વિદ્યાર્થીઓ માટે તૈયાર કરાયેલા સહકારિતા પરના વિશેષ દ્વિભાષીય મોડ્યુલનું અનાવરણ પણ કર્યું.

. . . . . . . . . . .

# MUKESH PATEL GANDHINAGAR

જળ સંપત્તિ રાજ્યમંત્રી મુકેશ પટેલે ઈજનેરોને માર્મિક ટકોર કરી છે. ગાંધીનગર ખાતે બઢતી પામેલા કાર્યપાલક ઇજનેરોના વર્કશોપમાં શ્રી પટેલે ઈજનેરોને ગુણવતા સાથે કામ કરવા માટે અનુરોધ કર્યો. તેમણે કહ્યું કે ભ્રષ્ટાચાર અંગે સરકારની શૂન્ય સહિષ્ણુતાની નીતિ છે. તેમણે અધિકારીઓને ફિલ્ડમાં જઇને કામ કરવા પણ ટકોર હતી.

(બાઇટ: મુકેશ પટેલ – રાજ્યમંત્રી)

. . . . . . . . . . .

# GUJARAT RAIN

રાજ્યમાં આજે 76 તાલુકામાં આજે વરસાદ પડ્યો છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના દ્વારકામાં સૌથી વધુ સાડા ચાર ઇંચ વરસાદ નોંધાયો છે. જ્યારે કલ્યાણપુરમાં સાડા ત્રણ ઇંચ વરસાદ વરસ્યો છે. ધોધમાર વરસાદ ના પગલે જનજીવન પ્રભાવિત થયું છે.

દ્વારકા પ્રાંત અધિકારી અને ચીફ ઓફિસર પ્રભાવિત સ્થળો પર પહોંચ્યા હતા. તાપી જિલ્લાના વ્યારા અને સોનગઢમાં અઢી ઇંચથી વધુ વરસાદ પડ્યો છે. રાજ્યના 16 તાલુકામાં આજે બે ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે.

દરમિયાન, કચ્છ જિલ્લામાં અબડાસાના રવા, કોઠારા, રાતાતળાવ, ડુમરા તેમજ આસપાસ વિસ્તારમાં ઝાપટા પડ્યા છે.

. . . . . . . . . . .

# BAG LESS DAY

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત ધોરણ 1 થી 8 માં અભ્યાસ કરતા બાળકોનો માનસિક શારીરિક વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા દર શનિવારે  બેગ લેસ ડે  તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે.  જેના ભાગરૂપે મહીસાગર  જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આજના દિવસે રમત-ગમત, યોગ, સૂર્યનમસ્કાર, ચિત્ર, સંગીત વગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

ભાવનગર જિલ્લાની શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળામાં બાલવાટિકા અને પહેલાં ધોરણ ના બાળકો માટે  આદિનાથ રમકડાંની ગાડીએ ઉત્સાહ જગાવ્યો હતો.

ભરૂચ જિલ્લાના 876 પ્રાથમિક શાળાઓમાં આજે  90 હજારથી વધુ વિદ્યાર્થીઓ દફતર વિના શાળાએ હાજર રહીને વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો.બાળકોએ ભાર વગરના ભણતરનો આનંદ સાથે બેગ લેસ ડે શનિવાર આનંદમય રીતે મનાવ્યો હતો.

. . . . . . . . . . .

# MAHORAM PARVA

મહોરમ પર્વ નિમિત્તે ભાવનગર શહેરમાંથી ૩૫ સહિત જિલ્લાભરમાંથી ૧૨૭ જેટલા આકર્ષક અને કલાત્મક તાજીયા જુલુસો આજે

સાંજે  પડમાં આવશે અને મોડી રાત્રે તેના  રૂટ મુજબ  વહેલી સવાર સુધી તાજીયા જુલુસ ભાવનગર શહેરના રાજ્યમાર્ગ ઉપર ફરશે. આવતીકાલે યૌમે આશુરાના દિવસે મોડી સાંજે તાજીયા રૂટ ઉપર સરઘસ આકારે નિકળશે અને  મોડી રાત્રે ભાવનગર નજીકના ઘોઘા બંદર ખાતે તાજીયા ઠંડા કરવામાં આવશે.

મહેસાણાના ખેરાલુ ખાતે મહોરમ પર્વ ને લઈ તાજીયાના કાર્યક્રમો શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે અંગે પી.આઈ કે.જે.પટેલની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠક  યોજાઇ હતી. ખેરાલુ તેમજ આજુબાજુના ગામો માં તાજીયાના કાર્યક્રમો પણ યોજાશે. પોલીસ દ્વારા તમામ ને શાંતિ ભાઈચારો જાળવવા ખાસ અપીલ કરાઈ હતી.

. . . . . . . . . . .